

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કોર્ટ - કાયદા - જેલ - સજાના દરવાજા વાખી દો !*
*રહો નિશ્ચિંત પોલીસના હાથમાં ભાવિ ભાંખી લ્યો !*
*આપો પનાહ વિશ્વભરના આતંકીઓ ને અહીં -*
*ને એ દેશનું નામ હવે 'દાઉદીસ્તાન' રાખી દો !*

### હાઈકુ

*પાકિસ્તાન માં -*
*લોકશાહી જેલમાં -*
*સેના નો પ્હેરો !!*

*રહેશે હવે,*
*ત્યાગી - સાધુ મંત્રીઓ -*
*મઠ - મંદિરે...*

### ચિંતન

*ન જાતુ કામઃ કામાનામુપ ભોગેન શામ્યતિ ।*
*હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવાભિવર્ધતે ॥*

ઉપરોક્ત શ્લોક શ્રીમદ્ દેવી ભાગવત્‌માંથી લેવામાં આવેલ છે.

કામના અથવા વિષયવાસનાના અતિરેકને લીધે કામ વધે છે, પણ ઘટતો નથી, આગમાં ઘી હોવાથી અગ્નિ વધુ પ્રજ્જવલિત થાય છે, પણ ઘટતો નથી.

બ્રહ્માથી માંડીને ચર-અચર સર્વ પ્રાણીમાત્ર પર માયાનો પ્રભાવ છે. જગતમાં માયાને લીધે સૌ કોઈ મોહવશ રહે છે. મોહનો મિનારો નહીં, પણ ત્યાગની નૌકા જ ભવસાગરના કિનારા પ્રતિ લઈ જાય છે. માટે મનને વિષયોમાંથી ખેંચી લેવું જોઈએ. મનને વિષયોમાં આસક્ત ન થવા દેવું જોઈએ તો જ કાર્યસિદ્ધિ થાય છે.

કામના - વાસના - ઈચ્છાઓ વધારવાથી વધે છે એકવાર પૂરી કરી લેવાથી એનો અંત આવતો નથી ઉલ્ટું અગ્નિમાં થી ઉમેરવા જેવું થાય છે. એનો ઉપાય માત્ર ને માત્ર 'સંયમ' છે.

### સુવિચાર

- સ્વકેન્દ્રિતા જ બધા ઉત્પાતનું મૂળ છે. 'સ્વ' ભલે હોય, પણ તેને કેન્દ્ર ન બનાવો - **ઈસુ**
- આચરણથી આચાર્યપદ મળે છે, અને નહીં કે આસનથી (ગાદીથી) પાવિત્ર્યથી માણસ પૂજ્ય બને છે અને નહિ પ્રપંચથી - **હરિ**
- સાવ કોરી આંખો બાકોર જેવી જ લાગે, આંસુની વચ્ચે પ્રગટ થતું સ્મિત, અને સ્મિતની પડખે રહેલું આંસુ, પૃથ્વી પર સ્વર્ગને અનુભવ કરાવે છે - **માર્ક ટ્વેઈન**
- બની શકે તો એવી હોબીમાં હાથ નાખો, જે આગળ ચાલતાં જરૂર પડે તો વ્યવસાય બની શકે - **કાંતિ ભટ્ટ**
- તમારી સાથે વાત કરતાં બીજાને સાવચેત રહેવું પડે એવા જટિલ ન બનો - **અખંડ આનંદ**
- માનવીને સંતાફની સગડીમાં એટલું તો સળગવું પડ્યું કે આથી લાચાર બનીને એણે હાસ્યની શોધ કરવી પડી - **ફ્રેડરિક નિત્સે**
- આજનું ઔષધ : ઊંટ કંટો મૂળને ઉકાળીને પીવાથી સ્ત્રીઓને પ્રસવ સરળતાથી થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંતનું વ્યાખ્યાન પૂરું થયા પછી કોઈકે પૂછ્યું : 'માનવ સંબંધમાં સૌથી મહત્ત્વના શબ્દો કયા ??'

સંતે જવાબ આપ્યો : 'પાંચ સૌથી મહત્ત્વના શબ્દો તે - આઈ એમ પ્રાઉડ ઓફ યુ - તમારે માટે મને ગૌરવ છે.'

ચાર મહત્ત્વના શબ્દો તે - વ્હોટ ઈઝ યોર ઓપિનિયન ? તમારો અભિપ્રાય શું છે ?

- 'ત્રણ મહત્ત્વના શબ્દો' : ઈફ યુ પ્લીઝ... તમને ગમે તો...'

- 'બે મહત્ત્વના શબ્દો' 'થેંક્યુ - તમારો આભાર'

- 'અને સૌથી ઓછો મહત્ત્વનો શબ્દ છે : હું'

પણ આપણે સૌ હંમેશા 'હું' ને જ આગળ રાખીએ છીએ.

# તાજમહાલ પર વિશ્વના પ્રેમીઓનો જ અધિકાર

**તંત્રીસ્થાનેથી...**

તાજમહાલ વિશે અનેક તર્કવિતર્ક ચાલતા રહે છે. ઈતિહાસકારો એને મોગલ બાદશાહ શાહજહાંએ એની પ્રિય બેગમ મુમતાજમહલની સ્મૃતિમાં બંધાવેલી ભવ્ય ઈમારત માને છે. આ મુદ્દે કોઈ શંકા પણ નથી, કારણ કે એના અધિકૃત દસ્તાવેજો પણ ઉપલબ્ધ છે. પ્રિય બેગમનું ચૌદવી સુવાવડમાં અવસાન થયું ત્યારે બાદશાહ માટે જિંદગી નરકાગાર બની ગઈ હતી. એ બેગમની યાદમાં ઝૂરતો રહ્યો અને એના ભવ્ય મકબરા પાછળ રાજયની તિજોરી લૂંટાવી દીધી. પૂરાં બાવીસ વર્ષ સુધી સંગેમરમરની આ ઈમારતનું બાંધકામ ચાલ્યું હોવાના દસ્તાવેજ ઉપલબ્ધ છે. પરંતુ એ બંધાઈ રહ્યા પછી શાહજાદા ખુર્રમ (ઔરંગઝેબ) ની દાઢ સળકી. મોટાભાઈ દારા શિકોહને ક્રૂરતાપૂર્વક ઝબ્બે કરી ઔરંગઝેબે વૃદ્ધ બાદશાહને આગ્રાના કિલ્લામાં નજરકેદ કરી દીધો. છેલ્લાં વર્ષોમાં શાહજહાંની લાકડી દીકરી સિવાય કોઈને એવી નજીક ફરકવાની છૂટ નહોતી. આગ્રાના કિલ્લાના એ કમરામાં સૂતાં સૂતાં શાહજહાં પ્રિય બેગમની યાદમાં બંધાવેલ બહેતરીન તાજમહાલ સામે ટીકી રહેતો. સુન્ની વકફ બોર્ડ દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે તાજમહાલની પોપટી બાદશાહ સલામત દ્વારા વકફ બોર્ડને સુપરત કરી દેવાઈ હતી. એ મુજબ દુનિયાની આ સાતમી અજાયબી એ વકફ બોર્ડની માલિકીની ગણાવી જોઈએ. સુપ્રીમ કોર્ટ દ્વારા વકફ બોર્ડના દાવેદારોને એક સપ્તાહની અંદર શાહજહાંની સહી વાળા આ મતલબના સોંપણી દસ્તાવેજ રજૂ કરવા કહેવાયું છે. વળી કોર્ટે એમ પણ પૂછ્યું છે કે શાહજહાં તો આગ્રાના કિલ્લામાં નજર કેદ હતો. એને વળી વકફ બોર્ડના નામનું વિલ કરવાની ફુરસત ક્યારે મળી હશે ? અદાલત આવી ઐતિહાસિક ઈમારતો વિશેના દાવાઓમાં દખલ કરવાનું પસંદ ન જ કરે. પરંતુ બાબરી - રામજન્મભૂમિ વિવાદની વ્યાપક ચર્ચા પછી અવનવા ફણગા ફૂટતા રહ્યા છે. જેમાં હિંદુત્વવાદી સંસ્થાઓ પૈકી કોઈ તાજમહાલને પણ શિવાલય પર બંધાયેલ મકબરો કહી દાવો કરે છે તો વળી વકફ બોર્ડ એની રીતે આ ઈમારતને ઈસ્લામિક વારસો ગણી પોતાના હસ્તક લેવા માગે છે. ઈતિહાસ તો સમયના પ્રવાહ સાથે ફંટાતો રહે છે તાજમહાલને 'તેજોમહાલય' જેવું રૂપકડું નામ આપી દેવું તે જેટલું હાસ્યાસ્પદ છે એટલું જ વકફ બોર્ડ દ્વારા એને ઈસ્લામિક ધાર્મિક સંપત્તિમાં ફેરવવાનું સૂચન પણ હાસ્યાસ્પદ છે. કદાચ શાહજહાંએ એના સમયગાળામાં વકફ વાળાઓને એની પ્રિય બેગમની કબરનો હવાલો સોંપવાની ઈચ્છા દર્શાવી હોય તો પણ છેલ્લા સૈકાઓ દરમિયાન આ ઈમારત વિશ્વની શ્રેષ્ઠ હેરિટેજ ઈમારતોમાં સ્થાન પામી હોઈ તથા પ્રવાસનનું પ્રેમતીર્થ બની ગયેલ હોઈ એમનો દાવો ગ્રાહ્ય રાખી શકાય નહીં. એ રાષ્ટ્રીય ઈમારત છે. યોગી સરકારે શરુઆતમાં એને પ્રવાસન નકશામાંથી બાકાત કરી નાખવાની હાસ્યાસ્પદ ચેષ્ટા કરી હતી અને છેલ્લે ભૂલ સમજાતાં અથવા કેન્દ્રનો આદેશ મળતાં તાજ મહોત્સવમાં રામાયણની ભજવણી કરી હતી ! આ બધાં ગતકડાં આપણા રાજકારણીઓ પોતાના નિહિત સ્વાર્થો ખાતર કેટલી હદે નીચા ઊતરી શકે છે એની જ પ્રતીતિ કરાવે છે. તાજમહાલ વિશ્વના પ્રેમીઓની ધરોહર છે.

# પરશુરામ રાખો હાથમાં, રામ રે'જો સાથમાં!



**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

વૈશાખ સુદ ત્રીજની રાત્રિએ પ્રથમ પ્રહરમાં ભગવાન પરશુરામનો જન્મ થયો હતો.

ભારતીય પરંપરામાં આ સાત પોતાની અલગ અલગ પ્રતિભાને કારણે ચિરંજીવી છે - અશ્વત્થામા, બલી, વ્યાસ, હનુમાન, વિભીષણ અને પરશુરામ.

પરશુરામ ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર છે. એટલે ભગવાન છે. તે ભૃગુથી શરૂ થયેલા વંશમાં છે. તેથી ભાર્ગવ છે. તે જમદાગ્નિના પુત્ર છે, એથી જામદગ્ન્ય છે. બંને પિતાપુત્ર વૈદિક મંત્રોના દ્રષ્ટા હતા. જમદાગ્નિનું સ્થાન સપ્તર્ષિઓમાં છે. માતા રેણુકા કમળમાંથી પ્રગટેલા હતા. એમને પાંચ પુત્રો હતા - રુમણ્વાન, સુષેણ, વસુ, વિશ્વા બસુ અને પરશુરામ.

પરશુરામ ભગવાન શંકર પાસે રહીને ધર્નુવેદ અને ચાંદ વિદ્યાઓ શીખ્યા હતા. એક વાર બાણો વરસાવીને પરશુરામે ક્રૌંચ પર્વતને ચાળણીની જેમ વીંધી નાખ્યો. શિવ પ્રસન્ન થઈને, એને પરશુ ભેટમાં આપ્યું. પોતાના ગુરુની આ પ્રસાદી એ સતત હાથમાં જ ધારણ કરી રાખે. એ યુદ્ધવિદ્યા શીખી રહ્યા હતા. દ્વંદ્વ યુદ્ધમાં એ કાર્તિકેય સાથે હતા. પાર્વતીને ભય થયો, કે કાર્તિકેય મરી જશે. એ વચ્ચે ઊભા રહ્યાં, તો પરશુરામે, યુદ્ધ અટકાવીને; માતાને સાષ્ટાંગ પ્રણામ કરી લીધા ! ગણેશ સાથેનાં દ્વંદ્વ યુદ્ધમાં એના પરશુથી ગણેશનો ડાબો દંતશૂળ તૂટી ગયો. ત્યારથી ગણએશ એકદન્ત કહેવાય. એમ તો શંકરે એને ધનુષ્ય પણ આપ્યું હતું. આ ધનુષ્ય પણ સાથે જ હોય. એકવાર શિવજીના આદેશથી એમણે આ શિવધનુષ, રાજર્ષિ જનકને સીતાના સ્વયંવરમાં આપ્યું. પરંતુ શ્રીરામે ધર્નુભંગ કર્યો; એટલે ગુસ્સે થઈ ગયા. રામની નમ્રતાને કારણે એનો રોષ શમી ગયો.

જમદગ્નિ પાસે મૃતસંજીવની વિદ્યા હતી. તે એમને પુત્ર પરશુરામને આપી હતી.

ધર્નુવિદ્યામાં ભીષ્મ પિતામહ અને દ્રૌણાચાર્ય એમના શિષ્યો હતા.

દશરથ પાસે શબ્દવેધી બાણ ફેંકવાની વિદ્યા હતી, તે એને પરશુરામ પાસેથી મળી હતી.

એક વાર પરશુરામ સમિધ લેવા બહાર ગયા હતા. એની ગેરહાજરીમાં રાજા કાર્તિવીર્ય અર્જુન આવ્યો, આ બળજબરીથી ઋષિની ગાય કામધેનુને ઉઠાવી ગયો. પરશુરામને ખબર હતી, તો એણે કાર્તિવીર્યની હત્યા કરી નાખી! પિતાએ સખત ઠપકો આપ્યો કે ઋષિને આ ન શોભે. પ્રાયશ્ચિત રૂપે એમને પરશુરામને તીર્થયાત્રામાં મોકલી આપ્યા. તીર્થયાત્રામાંથી પાછા ફર્યા, તો માતાનું આક્રન્દ સાંભળ્યું. પોતાની ગેરહાજરીમાં કાર્તિવીર્યના પુત્રોએ જમદગ્નિની હત્યા કરી હતી. પરશુરામે સૌને મારી નાખ્યા. પોતાની મૃતસંજીવની વિદ્યાથી પિતાને પુનર્જીવિત કર્યા.

કાંઈ એક વાર જન્મદગ્નિએ પુત્રોને આદેશ કર્યો - 'રેણુકા દોષિત છે અને વધદંડને લાયક છે. તેથી વધ કરવો' બાકી ચારેય પુત્રી આ આદેશ ન સ્વીકાર્યો. પરંતુ પરશુરામે આદેશ પાળીને વધ કર્યો. પિતા જમદગ્નિ પ્રસન્ન થયા અને વરદાન માગવાનું કહ્યું, પરશુરામે માગી લીધું - 'માતાને પુનર્જીવિત કરો અને પછી એને ઈચ્છામૃત્યુનું વરદાન આપો.' માતા રેણુકાને પુનર્જીવન મળ્યું અને પોતાની ઈચ્છા પ્રમાણે મૃત્યુને મેળવી શકે. એવી સ્થિતિને માપી.

'બૃહત સ્તોત્ર રત્નાકર'માં સ્તુતિઓને સમાવેશ છે. આમાં એક 'પરશુરામ અષ્ટાવિંશતી નામ' સ્તોત્ર છે. આમાં પરશુરામના ૨૮ નામો છે. આમાંના કેટલાંક આ પ્રમાણે છે :

(૧) સંસારનો ભાર હળવો કરવા મનુષ્ય જન્મ લેનારા
(૨) સૂર્યનાં અંશમાંથી પ્રગટેલા
(૩) દુષ્ટોને તરત જ સંહારનારા
(૪) બ્રાહ્મોને પ્રિય
(૫) ધીરજવાળા
(૬) યોગ્ય રીતે જ સજા કરનારા
(૭) સૌ કોઈનો ભય દૂર કરનારા
(૮) સૌ કોઈની સ્તુતિ પામનારા.
(૯) ઉત્પત્તિ - સ્થિતિ - લયના સ્વામી.

વેદ પુરુષ ભગવાન પરશુરામને સાદર પ્રણામાંજલિ.

# ગુરુ ગોવિંદસિંહનો જન્મ કયા થયો હતો?

### ભારતનો ઈતિહાસ

૧ ચૌલ વંશની રાજધાની કઈ હતી ?
(અ) તાંજોર (બ) વિદિશા
(ક) ભોજપુરી (ડ) તક્ષશિલા

૨ કયા રાજાને 'કવિરાજ'ના ઉપનામથી ઓળખવામાં આવ્યા હતા ?
(અ) મહેન્દ્ર પાલ (બ) કુમારપાળ સોલંકી
(ક) રાજા ભોજ (ડ) હર્ષવલ્લભ

૩ કયા સોલંકી રાજાએ 'પરમ અર્હત' ની પદવી ધારણ કરી હતી ?
(અ) સિદ્ધરાજ સોલંકી (બ) મૂળરાજ સોલંકી
(ક) કુમારપાળ સોલંકી (ડ) જયરાજ સોલંકી

૪ સમ્રાટ કનિષ્ક કયા ધર્મનો અનુયાયી હતો ?
(અ) હિન્દુ (બ) બૌદ્ધ
(ક) જૈન (ડ) યહૂદી

૫ મેહરોલી શિલાલેખ પરથી કયા સમ્રાટ વિષેની માહિતી મળે છે ?
(અ) ચંદ્રગુપ્ત દ્વિતિય (બ) મહેન્દ્ર પાલ પ્રથમ
(ક) ધ્રુવિય સેન દ્વિતિય (ડ) સમ્રાટ હર્ષવર્ધન

૬ પુલકેશી દ્વિતિયે સમ્રાટ હર્ષવર્ધનને કઈ નદી કિનારે હરાવ્યો હતો?
(અ) દમણગંગા (બ) ઓરસંગ
(ક) તાપી (ડ) નર્મદા

૭ વાસ્કો દી ગામા સૌ પ્રથમ કયા બંદરે ઉતર્યો હતો ?
(અ) સંજાણ (બ) કાલીકટ
(ક) વિશાખાપટ્ટનમ્ (ડ) કોચીન

૮ મારવાડના કયા વીર પુરુષે આત્મ સમર્પણ કર્યા વગર ઔરંગઝેબ સાથે આજીવન સંઘર્ષ કર્યો ?
(અ) વીર દુર્ગાદાસ (બ) તેગબહાદુર
(ક) મહારાણા પ્રતાપ (ડ) ઉદયપ્રતાપ સિંહ

૯ અંતિમ મુઘલ સમ્રાટ બહાદુરશાહનું અવસાન કયાં થયું હતું ?
(અ) વડોદરા (બ) આગ્રા
(ક) જયપુર (ડ) રંગૂન

૧૦ ગુરુ ગોવિંદસિંહનો જન્મ કયા થયો હતો ?
(અ) દિલ્હી (બ) પટના
(ક) અજમેર (ડ) ચંડીગઢ

૧૧ પાટલીપુત્રને મગધની કાયમી રાજધાની કોણે બનાવી?
(અ) કાલાશોક (બ) સમ્રાટ અશોક
(ક) હર્ષવર્ધન (ડ) ચંદ્રગુપ્ત મોર્ય

૧૨ મિલિન્દ પન્હો મૂળ કઈ ભાષાનો ગ્રંથ છે ?
(અ) ભોજપુરી (બ) ઉર્દૂ
(ક) સિંધી (ડ) પાલી

૧૩ ગુપ્તવંશનું રાજચિહ્ન શું હતું ?
(અ) સિંહ (બ) ગરુડ
(ક) અશ્વ (ડ) હાથી

૧૪ યુક્લિડ જયોમેટ્રીને સંસ્કૃતમાં અનુવાદ કયા રાજાએ કર્યો હતો ?
(અ) સવાઈ જયસિંહ (બ) રાજા ભારમલજી
(ક) રાજા જયસિંહજી (ડ) રાજા ભીમદેવ

૧૫ ગૌતમ બુદ્ધની પત્નિનું નામ શું હતું ?
(અ) ગૌતમી (બ) પદ્માવતી
(ક) યશોધરા (ડ) અનસુયા

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૧૩ એપ્રિલ ૧૯૧૪ : રતુભાઈ અદાણી :** ગાંધી મૂલ્યોથી પ્રભાવિત જીવન જીવનાર રાજનેતા. પ્રાથમિક શિક્ષણથી જ ખાદી પહેરવાના આગ્રહી. 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકના લેખો વાંચી રાષ્ટ્રભાવના દૃઢ થઈ. ધોલેરા છાવણી કૂચ કરતાં ધરપકડ થઈ. રવિશંકર મહારાજના સાનિધ્યમાં આવ્યા. 'ગીતા'નું અધ્યયન કર્યું. કેશોદથી જંગી બહુમતીથી વિધાનસભામાં ચૂંટાયા. ગ્રામ જીવનમાં અનુભવો પર ખૂબ લખ્યું. ૧૯૯૭માં અવસાન પામ્યા.
- **૧૪ એપ્રિલ ૧૮૯૧ : ડો. ભીમરાવ આંબેડકર :** મૂલ્ય નિષ્ઠ રાજપુરુષ. ભારતીય બંધારણ સમિતિના અધ્યક્ષ, મધ્યપ્રદેશના એક ગામમાં જન્મ. બી.એ. સુધી અભ્યાસ કરી વડોદરા રાજયની આર્થિક સહાયથી અમેરિકા જઈ પીએચડી કર્યું. મુંબઈ હાઈકોર્ટમાં વકીલાત શરુ કરી. ૧૯૫૬માં અવસાન પામ્યા. 'ભારન રત્ન' નો મરણોત્તર ખિતાર સરકારે આપ્યો.
- **૧૫ એપ્રિલ ૧૪૫૨ : લિઓ નાર્દો દ વિન્ચી :** જગતના મહાન ચિત્રકાર. ઈટલી દેસમાં જન્મ થયો હતો. બાળપણથી જ ચિત્રકારીમાં રસ હતો. પેઈન્ટરની સાથે વૈચારિક પણ ખરા. તેમણે દોરેલા કલ્પના ચિત્રો, મશીનગન, સબમરીન, બે માળવાળું જહાજ, વગેરે વાસ્તવિક રીતે બન્યા. 'મોનાલીસા'ના ચિત્રથી વિશ્વ પ્રસિદ્ધ બન્યા. ૧૫૧૯માં અવસાન પામ્યા.
- **૧૬ એપ્રિલ ૧૮૮૯ : ચાર્લી ચેપ્લીન :** ચલચિત્રોના સુપ્રસિદ્ધ હાસ્યનેતા. લંડનમાં જન્મ. બાળપણથી અભિનયમાં રસરૂચિ હતા. અમેરિકા જઈ મૂંગી ફિલ્મોમાં અભિનય આપવાનો શરુ કર્યો. કિડ ઓટો રેસીસ એટ વેનિસે - હાસ્ય અને કરુણાસભર ફિલ્મે વિશ્વવિખ્યાત બનાવ્યો. ૧૯૭૭માં અવસાન થયું.
- **૧૭ એપ્રિલ ૧૯૧૬ : સિરિમાવો ભંડાર નાયક :** વિશ્વના પ્રથમ મહિલા વડાપ્રધાન. શ્રીલંકામાં તેમનો જન્મ થયો. હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ ખ્રિસ્તી શાળામાં થયો. બૌધ ધર્મમાં અતૂટ શ્રદ્ધા હતી. સ્થાનિક વહીવટના પ્રધાન સોલોમાન સાથે લગ્ન થયાં. ૧૯૫૯માં પતિની હત્યા પછી રાજકારણમાં સક્રિય બન્યા. અને શ્રીલંકાના વડાપ્રધાન બન્યા. ઈ.સ. ૨૦૦૦માં તેમનું અવસાન થયું.
- **૧૯ એપ્રિલ ૧૮૯૨ : તારાબેન મોડક :** બાળ સાહિત્યના સર્જક અને બાળકોના પ્રિય એવા સામાજિક કાર્યકર. રાજકોટની બાર્લ્ટન ફીલેલ ટ્રેનિંગ કૉલેજની આચાર્યનું પદ છોડી દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં જોડાયા. ગાંધીજીની પ્રેરણાથી કોસવાડમાં આદિવાસી બાળકો માટે પારણાંઘર, બાલવાડી, પ્રાથમિક શાળા રાત્રિશાળા શરૂ કરી. સરકારે પદ્મભૂષણના ખિતાબથી નવાજવા ૧૯૭૩માં અવસાન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ગુજરાતના પ્રભારી તરીકે તાજેતરમાં કોંગ્રેસ દ્વારા કયા નેતાને જવાબદારી સોંપાઈ?**

**જવાબ : રાજીવ સાવત**



**ખજાનો**
અનિલ પટેલ

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) જયેન્દ્રપ્રસાદ પાઠક - ઈન્ફો જૂ. સાયન્સ કૉલેજ
(૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૬) હરેશ એમ. પટેલ : સે-૨૩
(૭) મહેશકુમાર જાદવ : ગુજરાત વિદ્યાપીઠ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ઉત્તરપ્રદેશના ભાજપના કયા નેતા સામે બળાત્કારનો આરોપ થતાં યોગી સરકાર મુશ્કેલીમાં મુકાઈ?**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# મનને એક સામટા મૂલ્યો થોપી દેવાથી માનસ સંસ્કારી બની જતું નથી



**રંગ-ઉમંગ**
કાનન ઓઝા

મનને એક સામટા મૂલ્યો થોપી દેવાથી માનસ સંસ્કારી બની જતું નથી. જેમાં આપણે બધું જ એક સાથે મેળવી લેવા કુદકો મારીએ અને હાથમાં કંઈ પણ ન આવે. એવી જ રીતે એક સામટું જમી લેવાથી ભૂખની તૃપ્તિ થતી નથી. ઊલ્ટાનું એક એક કોળિયા દ્વારા લેવાતો ભોજનનો લાજવાબ સ્વાદ પણ ગુમાવી બેસીએ છીએ અને વળી પાચન અર્થે પણ યોગ્ય ગણાય નહિ. સામટું બધુંય કોઈનેય કયારેય કંઈ પણ પચતું નથી. જેવું પેટ માટે એવું જ મન માટે ! મનને પણ એક સામટા મૂલ્યો થોપી દેવાથી માનસ સંસ્કારી બની જંતુ નથી. દરેક માતા પિતાને પોતાના સંતાનનો સુસંસ્કૃત બનાવવાની ઈચ્છા હોય છે હોય જ અને હોવી પણ જોઈએ. પરંતુ સંસ્કારી બનાવવા માટે તેમનો મોટા મોટા આદર્શોના માળખામાં મૂકતા પહેલા આપણા પોતાના સંસ્કારોનું અવલોકન કરવું. અને ખાસ ધ્યાનમાં રાખવું કે સંસ્કાર વિષે જાણી લેવાથી કે શીખી લેવાથી મનુષ્યમાં સંસ્કાર આપોઆપ પ્રવેશી જતા નથી સંસ્કારના વૃક્ષનું બીજ એક નાની સારી આદત જ હોય છે. કયારેક સંસ્કારનું વાવેતર મોટા આદર્શોથી જ શક્ય જ નથી. આમ જ થાય અથવા તો આમ જ હોય, તેને સારું - સુયોગ્ય કે સંસ્કારી કહેવાય. એવી સમજ આપવા કરતાં તેમની અંદર નાની નાની આદતોને કેળવવાનો પ્રયત્ન યથા યોગ્ય છે.

કોઈ એક જ કામ (ક્રિયા) ને વારંવાર કરવાથી તે આદતમાં પરિણમે છે અને તે આદત લાંબા સમય સુધી આપણી જીવનશૈલીમાં વણાય એટલે સંસ્કારનું રૂપ ધારણ કરે છે અને આ સમગ્ર પ્રક્રિયામાંથી મળેલ સંસ્કારોનાં મૂળ ઊંડા હોય છે. મનુષ્યના જીવન મૂલ્યોનું માપન કરવા જે ગણિત વપરાય છે. તેમાં ઊંચાઈ અને પહોળાઈ કામ આવતા નથી. તેનું માપન ઊંડાણ દ્વારા જ થઈ શકે તેથી સંસ્કારના મૂળ ઊંડા ઉતારવા સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થતું જરૂરી છે. સીધા પ્રસ્થાપિત કરવા સંસ્કારો બનાવટી વૃક્ષ પર મઢેલા ખૂબ સુરત પુષ્પો જેવી શોભા આપી શકે પરંતુ આવી સુટેવોને બહારની હવા લાગવાથી કુટેવોમાં પરિવર્તિત થતા વાર નથી લાગતી.

એક બાળક નાનપણમાં રોજ તેની માતા સાથે ગાય ને રોટલી આપવા જતો અને દાદા સાથે કબૂતરોને ચણ નાખવા જતો. બહાર ગામ ગયા હોય ત્યારે માતાને પૂછી લેતો કે મા આજે ગાયને રોટલી નહિ મળે તો ભૂખી રહી હશે ? ત્યારે મા કહેતી કે, 'ગાયને કોઈ ના કોઈ ઘરેથી જમવાનું મળી રહેશે પણ આપણા ઘરની રોટલી એક ઓછી જમશે.' એક દિવસ તે બાળક મોટો થાય છે અને ડૉકટર બને છે. નાનપણમાં કરેલી બંને પ્રવૃત્તિઓ વડે તેનામાં અન્ય લોકોની સાર-સંભાળ કરવાનાં સંસ્કાર દૃઢ થઈ ગયા છે. તો તેમની ડૉકટરી કરતાં લોકોને નિઃસ્વાર્થ મદદ થવાના ભાવ વડે સાજા કરી શકે છે. પોતાની કમાણીનાં પચાસ ટકા રૂપિયાની દવાઓ ગરીબોને સહાય કરવામાં વાપરી નાખે છે તેની એક સારી આદતે એક સંસ્કારી ડૉકટર બન્યો.

જીવનના દરેક તબક્કે સફળતા છેલ્લા પગથિયા પર ઊભ હોય છે. તેને મળવા માટે દરેક પગથિયાથી સારી રીતે પસાર થવું પડે. કુદકો મારીને સીધા છેલ્લે પગથિયે પહોચાતું નથી. વળી તે દરેક પગથિયાં પરથી પસાર થતી વખતે પગને પણ ચાલવાની, ચડવાની આદત પડે છે. આપણા શરીર ને જેટલી ચાલવાની, ચડવાની આદત ફાવટવાળી હોય તેની અસકારકતા અંતિમ પગથિયાં સુધી પહોંચડવામાં જોવા મળે છે.

મોટા મોટા આદર્શો વડે સંસ્કારનાં પૂતળા બનાવવા, કરતાં નાની-નાની આદતો વડે સામાન્ય માનવીનું ઘડતર વધુ યોગ્ય છે.